॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● માગસર વદ-૮ ● તા. ૦૬-૦૧-૨૦૨૧ ● બુધવાર SDP NO: 263 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

કેરળમાં બર્ડ ફ્લૂ રાજકીય આફત જાહેર, ઘણાં રાજ્યો એલર્ટ

ઊંઝા ઉમિયા સંસ્થાન દ્વારા **2030** સુધીમાં પાટીદાર ગામોમાં **1001** મંદિર બનાવવાનો સંકલ્પ, હાલ **410** મંદિરો બનાવવાની જાહેરાત

પ્રવાસીઓમાં ઉંઝા કેડવાડ વિસ્તારની હીમવર્ષા વહે રહી છે. હીમવર્ષા દ્વારા સ્થિર રહેતી વિસ્તારો પણ બરફથી ભરાઈ ગઈ હતી.

યુવાસંઘ સાબર રીજીયન વ્દારા આજે પંચમ યુવા ઓલિમ્પિયાડની વર્ષગાંઠ ઉજવાઈ અને ૧૦૦ વૃક્ષો વાવી સ્વ. પ્રેમજીભાઈ કેશરાણી ને શ્રદ્ધાંજીલ આપવામાં આવી

ગત વર્ષે તા. ૪ - ૫ - ૬, જાન્યુઆરી, ૨૦૨૦ ના હિંમતનગર ખાતે કેન્દ્રીય યુવાસંઘ દ્વારા ઉજવાયેલા પંચમ યુવા ઓલિમ્પિયાડના સંભારણા વાગોળવા માટે લક્ષ્મીનારાયણ સ્વરૂપે કાર્યકર્તાઓનું એક સ્નેહમિલન તલોદ, ટ્રિનિટી સ્કૂલ ખાતે રીજીયન ચેરમેન મિનેશ વાડિયાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ.

સૌ પ્રથમ સ્વ. પ્રેમજીભાઈએ કરેલ સામાજિક કામગીરીને યાદ કરી ઓક્સિજન બેંક નિર્માણ માટે સ્કૂલ કેમ્પસ માં ૧૦૦ વૃક્ષો વાવવામાં આવેલ.

કેન્દ્રીય યુવાસંઘના પ્રમુખ સેવક ડો. વસંતભાઈ ધોળુએ પણ વિશેષ હાજરી આપી સૌ કાર્યકરોને બિરદાવ્યા હતા. સૌને આ પ્રોગ્રામ સફળ બનાવવા કરેલ તનતોડ મહેનત, માઈક્રો પ્લાનિંગ, અતિથિ દેવો ભવ:, વિદ્યા લક્ષ્મી અમૃતકુંભ, ટ્રાન્સપોર્ટ, રસોઈ, ઉતારા વ્યવસ્થા, શેરડી રસ, પાર્કિંગ, રાસ ગરબા, અલાયદું ઈનામ વિતરણ, ફૂડ સ્ટોલ, સ્નેહ ગાંઠ, Seed Baloon, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને રાજકીય, સામાજિક મહેમાનોની હાજરી, ખેલાડીઓ માટે સ્પેશિયલ ભોજન વ્યવસ્થા, સુંદર મેદાન વ્યવસ્થા માટે યજમાન પાંચેય ઝોન સમાજ, યુવાસંઘના ત્રણ રીજિયન SBR, MGR અને UGR ના સર્વે વડીલો અને યુવાઓને સુંદર છતાંય આર્થિક રીતે કરકસર યુક્ત કામગીરી માટે દિલથી અભિનંદન આપેલ.

કબ્બડીના ચેમ્પિયન ખેલાડીઓને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા. કેન્દ્રીય પ્રચાર - પ્રસાર PDO નિલેશ સુરાણી, પૂર્વ એગ્રી લીડર ભરત સુરાણી, રીજિયન મિશન ચેરમેન દિલીપ ધોળુ, સેક્રેટરી બિપીન રંગાણી, PRO અલ્પેશ રામાણી, સ્પોર્ટ્સ લીડર કેવિન કાલરીયા, પ્રશાંત પટેલ, ધ્રુવ ચૌહાણ, નીરલ ભાદાણી, YSK લીડર મિતેષ છાભૈયા, પરેશ પટેલ, વિશાલ પટેલ અને પૂર્વ મંત્રી જીતુ દિવાણી અને કાર્યકર મિત્રોએ અને ગૃહલક્ષ્મીઓએ પણ પોતાના સંભારણા અને અવનવા અનુભવો શેર કર્યા હતા.

સાથેસાથે મિશન YSKમાં દરેક કંપા, શહેરના ૧૦૦% યુવા મિત્રોને જોડવા માટેનું લક્ષ્ય નિર્ધારિત કરેલ. જે માટે સારા કે માઠા પ્રસંગે જેમ કોરોના ગાઈડ લાઈન મુજબ ફક્ત સ્નેહીઓને જ બોલાવીએ છીયે તે સ્નેહનું લીસ્ટ તૈયાર કરી સૌને YSK નું આર્થિક સુરક્ષા કવચ આપવા કટિબદ્ધ બનવાનું નક્કી કરેલ.

સમાજની મેધાવી અને પાયાની અને હાલમાં ઓનલાઈન થયેલ વિદ્યા લક્ષ્મી અમૃતકુંભ યોજનામાં ભલે સાબરનાં બે કુંભ પૂર્ણ થઈ ગયા હોય તો પણ હજુ વધુ અનુદાન માટે સહકાર આપવાનું નક્કી કરવામાં આવ્યું.

ભારતભરમાંથી વડીલો અને ખેલાડીઓના મળી રહેલ સુંદર પ્રતિભાવોએ સૌનું મનોબળ વધાર્યું હોવાની અને યુવાસંઘ દ્વારા મળેલ નવી મિત્રતાની પ્રતીતિ સાથેનો કાર્ય સંતોષ દરેકના ચહેરા પર છલકતો હતો. સમૂહ ભોજન બાદ સૌ નવા કાર્ય ઉત્સાહ સાથે વિખૂટા પડેલ.

જન્મદિન નિમિતે હાર્દિક શુભકામના

જન્મદિવસ નિમિતે આવકાર દાયક કાર્ય..

કચ્છ રિજીયન લખપત ડીવીજનના ઉત્સાહી ચેરમેન ચંદ્રકાન્ત પ્રેમજીભાઈ ભાવાનીના જન્મદિવસ હાર્દિક શુભકામના રાષ્ટ્ર તેમજ સમાજ સેવા કરતા રહો એવી ભગવાન લક્ષ્મીનારાયણ પાસે પાર્થના. વ્યસ્ત રહે.. તંદુરત રહે.. મસ્ત રહે. ૯૪૨૭૪૩૪૨૩૨ સંપર્ક..

અવિરત સેવાના અભિગમ સાથે આજે જન્મદિન નિમિતે તેઓ શુભેચ્છક બને છે..

સ્વં. પ્રેમજીભાઈને પુષ્પઅંજલીના અનુદાનમાં ૧૦૦૦ જમા રાશિ અર્પણ કરે છે. કચ્છ રિજીયન અમૃત કુંભ માં વિદ્યાલક્ષમી અનુદાન અર્પણ કરે છે.

આવકાર દાયક.કાર્ય..

આજની ચિંતનકણિકા

મિશન અભિમન્યુ - અપૂર્ણ નહી પરિપૂર્ણ

'વયમ્' ભાવમાંથી જ પરિવારભાવના જન્મે છે અને એનો વિસ્તાર થતાં સમાજભાવના, રાષ્ટ્રભાવના અને વિશ્વબંધુત્વની ભાવના ખીલી ઊઠે છે. એ ભાવનામાંથી જ નિષ્પન્ન થયેલા ભાવનું પરિણામ છે --

त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ॥

અર્થાત્

કુળના કલ્યાણ માટે વ્યક્તિગત આકાંક્ષાઓનો ત્યાગ કરવો. ગામના ભલા માટે પરિવારનું સુખ છોડવું. સમગ્ર સમાજ માટે ગામ છોડવું અને આત્મશ્રેયાર્થે પૃથ્વીનાં ભૌતિક સુખોનો ત્યાગ કરવો.

જે રાષ્ટ્રના જન-જનમાં 'વયમ્' ભાવ પ્રબળ હોય તે રાષ્ટ્ર મજબૂત બને છે. 'વયમ્' ભાવ એકાત્મતાનો આધાર બને છે. રાષ્ટ્રીય જનની પારસ્પરિક એકાત્મતા રાષ્ટ્રીયતાના પ્રવાહને ચેતનવંતો રાખે છે. આમ રાષ્ટ્રીયતાની એકમાત્ર પૂર્વશરત છે - 'વયમ્' ભાવ.

'વયમ્' ભાવનો હ્રાસ થયો અને મહંમદ ઘોરી દેશ પર આક્રમણ કરી શક્યો...પવિત્ર મંદિરોને ધ્વસ્ત કરી શક્યો. 'વયમ્' ભાવ નબળો પડ્યો અને સિકંદરે વાયવ્ય સરહદ તોડીને ભારતપ્રવેશ કર્યો. રાષ્ટ્ર સામેના પડકારો 'વયમ્' ભાવની પ્રબળતાથી જ ઝીલી શકાય. ચર્ચિલે 'We for Victory' નું સૂત્ર આપીને જ ઈંગ્લેન્ડના વયમ્ ભાવને છંછેડયો હતો.

આમ, વયમ્ ભાવ રાષ્ટ્રના સાર્વભૌમત્વ, રાષ્ટ્રની અખંડિતતા અને એકાત્મતાનો પાયો છે. જે તત્ત્વ રાષ્ટ્ર માટેનું આવું અસરકારક ચૈતન્યબળ છે એવા 'પરમ તત્ત્વ' વયમ્ ભાવના આપણે ઉપાસકો બનીએ અને રાષ્ટ્ર તેમજ સમાજ ને મજબૂત બનાવવામાં યોગદાન આપીએ એ જ અભ્યર્થના.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

બ્રિટનમાં દોઢ માસનું લોકડાઉન : વડા પ્રધાન જોનસનનો ભારત પ્રવાસ રદ

શ્રી આણંદ જિલ્લા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, કારોબારી સભાનો અહેવાલ

સંયોજક શ્રી - અમૃતભાઈ માકાણી, બોરસદ.

શ્રી આણંદ જિલ્લા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની કારોબારી સભા તારીખ ૫ -૧-૨૦૨૧ના રોજ ઉમા ભવન- આણંદ મધ્યે સમાજના પ્રમુખશ્રી તેજાભાઈ વેલજીભાઈ નાકરાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી સૌપ્રથમ મહામંત્રીશ્રી અમૃતભાઈ માકાણીએ સભામાં હાજર રહેલ તમામ કારોબારી સભ્યોનો શાબ્દિક આવકાર સાથે આભાર વ્યક્ત કરેલ ત્યારબાદ કોરોના મહામારીમાં પ્રભુને પ્યારા બનેલા સમાજના સ્વજનોના દિવ્ય આત્માઓને પ્રભુ સદગતિ આપે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

એજન્ડા મુજબની કાર્યવાહીમાં સૌપ્રથમ વખત ગત કારોબારી સભામાં થયેલ કાર્યવાહીની લખાયેલી મીનીટ્સનું વાંચન મંત્રીશ્રી ઈશ્વરભાઈ ભાવાણી-પેટલાદ દ્વારા કરવામાં આવ્યું જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

કોરોના મહામારી અને સરકારની ગાઈડલાઈનને ધ્યાને રાખી દસમા (૧૦) સમૂહ લગ્નનું સીમિત સંખ્યાની સાથે કારોબારી સભ્યોની ગેરહાજરી વચ્ચે કરવામાં આવેલ તેની વિગતવાર માહિતી મહામંત્રીશ્રી અમૃતભાઈ માકાણી - બોરસદ તરફથી આપવામાં આવી. સરકારી ગાઈડલાઈનની સીમિત સંખ્યાના કારણે કારોબારી સભ્યોને આમંત્રિત ન કરી શકવા બદલ દિલગીરી વ્યક્ત કરેલ.

દસમા સમૂહ લગ્ન અને પુરા થતા વર્ષના હિસાબોનું વાંચન ઓડિટર શ્રી હિંમતભાઈ વાગડિયા સી.એ. આણંદ દ્વારા કરવામા આવ્યું જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

સમાજના બંધારણ મુજબ કારોબારી સમિતિનો કાર્યકાળ ત્રણ વર્ષનો પુરો થતો હોવાથી પ્રમુખશ્રી તેજાભાઈ નાકરાણી - આણંદ દ્વારા તેમના વ્યક્તવ્યમાં જણાવેલ કે મારા પ્રમુખશ્રીના કાર્યકાળ દરમિયાન સમાજના ભાઈ-બહેનો.દાતાશ્રીઓ અને કાર્યકર્તાઓનો જે સાથ અને સહકાર મળ્યો તે બદલ તમામનો હું આભાર વ્યક્ત કરું છું અને સમાજના બંધારણ મુજબ હાલની કારોબારી સમિતિનું વિસર્જન કરવામા આવે અને નવીન કારોબારી સમિતિની રચનાની પ્રક્રિયા કરવા જણાવેલ.

બંધારણ મુજબ ઘટક સમાજોમાંથી નિયમ મુજબ આવેલ નવા કારોબારી સભ્યોના નામોની નામાવલિનું વાંચન સમાજ વાઈઝ અમૃતભાઈ માકાણી -બોરસદ તરફથી કરવામાં આવ્યું જેને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી. કારોબારી સમિતિમાંથી હોદેદારશ્રીઓની વરણી અંગે અભિપ્રાય માંગવામાં આવતાં સર્વાનુમતે મળેલ અભિપ્રાય મુજબ એકાદ ફેરફાર સાથે હોદેદારશ્રીઓની ટીમ ફરીથી રીપીટ કરવામાં આવી.

પ્રમુખશ્રી	તેજાભાઈ વેલજીભાઈ નાકરાણી	-આણંદ
ઉપપ્રમુખશ્રી	હરિભાઈ પ્રેમજીભાઈ ધોળુ	-પેટલાદ
ઉપપ્રમુખશ્રી	દાનાભાઈ પચાણભાઈ ભાવાણી	-ચિખોદરા
ઉપપ્રમુખશ્રી	જયંતીભાઈ રામજીભાઈ પોકાર	-પણસોરા
ઉપપ્રમુખશ્રી	રામજીભાઈ ખેતશીભાઈ ચૌહાણ	-બોરસદ
ઉપપ્રમુખશ્રી	રાવજીભાઈ કરમશીભાઈ ચૌહાણ	-ઉમરેઠ
મહામંત્રીશ્રી	અમૃતભાઈ લખુભાઈ માકાણી	-બોરસદ
સહમંત્રીશ્રી	મહેન્દ્રભાઈ કાનજીભાઈ પોકાર	-આણંદ
સહમંત્રીશ્રી	ચંદુભાઈ વિશ્રામભાઈ ભાદાણી.	-આણંદ
સહમંત્રીશ્રી	ઈશ્વરભાઈ કરસનભાઈ ભાવાણી	-પેટલાદ
સહમંત્રીશ્રી	રમેશભાઈ ભીમજીભાઈ આણંદાણી	-આણંદ ગ્રા.
ખજાનચીશ્રી	મોહનભાઈ મૂળજીભાઈ ભાદાણી	-આણંદ
સહખજાનચીશ્રી	ગોવિંદભાઈ શીવજીભાઈ લીંબાણી	-વાસદ
સહખજાનચીશ્રી	દિનેશભાઈ સોમજીભાઈ લીંબાણી	-આણંદ સમાજ
ઓડીટરશ્રી	હિંમતભાઈ ભીમજીભાઈ વાઘડિયા	
સહઓડીટરશ્રી	કિરીટભાઈ ડાહ્યાભાઈ લીંબાણી	

પ્રમુખશ્રી તેજાભાઈ વી. નાકરાણી . ઉપપ્રમુખશ્રી હરિભાઈ ધોળુ અને મહામંત્રીશ્રીએ જણાવેલ કે આપ સૌનો ભાવ - પ્રેમ અને સહકારની ભાવના થકી આયોજિત થતા સમૂહ લગ્નના કાર્યક્રમને અગાઉ પણ સફળતાપૂર્વક પાર પાડી શક્યા છીએ તેવી જ રીતે આવનારા પ્રોગ્રામો પણ ઉમંગથી વિશેષ ઉત્સાહથી ઉજવવાની ભાવના વ્યક્ત કરી હતી.

આભાર વિધિ હરિભાઈ ધોળુએ કરી હતી અને અલ્પાહાર સાથે સૌ છૂટા પડ્યા હતા. મિટીંગનું સંચાલન મહામંત્રીશ્રી અમૃતભાઈ માકાણીએ કર્યુ હતું.

સ્વં.પ્રેમજીભાઈ કેસરાણી ના આત્મા ની પરમ શાંતિ કર્તવ્ય થકી જ આપવાની નેમ સાથે સાબર રિજીયન ના ચેરમેન મીનેસ અને સેન્ટ્રલ પ્રેસિડેન્ટ યુવાસંઘ વસંત ધોળું સાથે ૧૦૦ જેટલી સંખ્યામાં યુવાઓ દ્વારા તલોદ ખાતે વૃક્ષ રોપણ કાર્યક્રમ કરાવવામાં આવેલ... આ સિવાય અમૃતકુંભને વિદ્યાલક્ષમી દ્વારા ૧૦૦૦ ના ગુણાંક માં જમા રાશિ કરવાનો અભિગમ પણ સતત અવિરત ચાલુ છે.. હેતલ પંવન દિવાણી રાજનાદગાવ તરફથી ૩૦૦૦ ની રકમ વિદ્યાલક્ષમી જમા કરાવી ને પુષ્પઅંજલી અર્પણ કરવામાં આવી..

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૫/૧/૨૦૨૧ સવાલ નંબર - ૨૧૩ :

નરસિંહ મહેતા, જીવરાજ મહેતા, હરકિસન મહેતા કોણ હતા ટૂંકો પરિચય આપો ?

સાચો જવાબ - નરસિંહ મહેતા - એક કૃષ્ણ ભક્ત , જુનાગઢ ના ને તેમની કવિતાઓ ને ભક્તિ ગીતો ખુબજ પ્રખ્યાત છે હરકિસન મહેતા - એ ચિત્રલેખા માસિક ના તંત્રી , સારા લેખક. જીવરાજ મહેતા - ગુજરાત ના પ્રથમ મુખ્યમંત્રી તરીકે સેવા આપેલ

સાચો જવાબ આપનાર - હિનાબેન મનોજ ભાઈ રંગાણી, ચીખલી - દક્ષિણ ગુજરાત, મો - ૯૧૦૬૮૨૦૦૫૦

આજના પ્રશ્ન માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

-: અવસાન નોંધ :-

તા. ૪/૧/૨૦૨૧ સોમવાર

સ્વ. અખઈ કેશરા લીંબાણી, ઉંમર : ૯૦ વર્ષ,
કચ્છ માં ગામ : કોટડા (જ).

સ્વ. પરમાબેન મુળજીભાઈ સોમજીયાણી,(નાકરાણી), ઉંમર : ૯૩ વર્ષ,
કચ્છ માં ગામ : વિરાણી (મોટી), હાલે : હરદા (મધ્યપ્રદેશ).

સ્વ. અખઈભાઈ કેશરાભાઈ લીંબાણી, ઉંમર : ૯૦ વર્ષ,
કચ્છ માં ગામ : કોટડા (જડોદર).

તા. ૦૫/૦૧/૨૦૨૧ મંગળવાર

સ્વ. મનસુખભાઈ સામજીભાઈ સેંઘાણી, ઉંમર : ૫૦ વર્ષ,
કચ્છ ગામ : રાજપર, હાલે : થાણે.

સ્વ. નરસીભાઈ મગનભાઈ ભગત, ઉંમર-૬૯
કચ્છ ગામ - કોટડા (જડોદર), હાલે - દાહોદ -પંચમહાલ.